| PUBLICATION NAME : | Gujarat Pranam |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 08/08/2022 |
| PAGE: | 3 |

# ગુજરાતના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ મંત્રી શ્રી જગદિશ પંચાલે ઈડીઆઈઆઈ દ્વારા તાલીમ અપાયેલ કારીગરોના એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કર્યું



જીએસટી પરિષદની ૪૭મી બેઠક ૨૮-૨૯ જૂનના રોજ યોજાઈ હતી. તેમાં ભલામણ કરવામાં આવી હતી કે, ઓનલાઈન ગેમિંગ ઉદ્યોગ માટે કરવેરાનો દર હાલના ૧૮ ટકાથી વધારીને ૨૮ ટકા કરવો જોઈએ. ત્યારબાદ જુલાઈમાં યોજાયેલી બેઠકમાં એવો નિર્ણય લેવાયો હતો કે, જીઓએમ (મંત્રીઓનું જૂથ) જીએસટી પરિષદને એક રિપોર્ટ સુપરત કરશે, જે પછી ઓગસ્ટમાં અંતિમ નિર્ણય લેવાશે. ઉપર ઉલ્લેખિત દરખાસ્ત પર નિર્ણયનો સ્વીકાર થાય કે ન થાય – એની અસર ઓનલાઈન સ્કિલ ગેમિંગ ઉદ્યોગની વ્યવસાયિક વ્યવહારિકતા પર થશે, જે આ વિકસતાં ક્ષેત્રને પ્રગતિશીલ કરવેરાની વ્યવસ્થા આપીને એને વિકસવામાં મદદરૂપ થવાના મહત્વને સૂચિત કરે છે. કેન્દ્ર સરકારે એવીજીસી ટાસ્કફોર્સ, આંતર-મંત્રીમંડળીય ટાસ્ક ફોર્સ રચવા જેવા કેટલાંક સકારાત્મક પગલાં લીધા છે, જે આ ક્ષેત્રની વૃદ્ધિની સંભવિતતા તથા ચિંતાઓ સમજવા ઓનલાઈન સ્કિલ ગેમિંગ ઉદ્યોગની મુખ્ય કંપનીઓ સાથે બેઠક યોજી નિયમનકારી નીતિઓ રજૂ કરશે.

જોકે ઉદ્યોગના નિષ્ણાતોના જણાવ્યા મુજબ, કરવેરા માટે મંત્રીઓના જૂથ (જીઓએમ)એ કરેલી તાજેતરની ભલામણ ઉદ્યોગને અવ્યવહારિક બનાવશે એવી સંભવિતતા ધરાવે છે. આ વિશે કોન્સેન્ટ્રિક્સમાં સોલ્યુશન્સના વાઈસ પ્રેસિડન્ટ કમાલેન્દુ બાલીએ જણાવ્યું હતું કે, "ગેમ્બ્લિંગ, બેટિંગ, કેસિનો અને લોટરી વગેરે સાથે ઓનલાઈન ગેમિંગની પેઢીને જોડવી આ ઉદ્યોગની સંભવિતતા માટે અન્ય કોઈ નહીં પણ નિરાશાવાદી વાતાવરણના સંકેત આપે છે. કરવેરાના દરમાં વધારાની અટકળો આ ઉદ્યોગ માટે મરણતોલ ફટકો છે. આ ક્ષેત્ર માટે સ્પષ્ટતાનો અભાવ એના માટે જટિલ છે તથા જેટલો લાંબો સમય આ અસ્પષ્ટતા રહેશે તેટલો સમય ઉદ્યોગનું ભવિષ્ય હાલકડોલક રહેશે."

ઓનલાઈન ગેમિંગ ક્ષેત્ર સતત નકારાત્મકતા હેઠળ જળવાઈ રહેવું એ ઉદ્યોગના હિતધારકો માટે ચિંતાનું વધુ એક કારણ છે. કેટલાંક રાજ્યોની હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટે ભારતીય બંધારણની કલમ ૧૯(૧)(જી) હેઠળ કૌશલ્ય આધારિત ઓનલાઈન ગેમ્સને કાયદેસર વ્યવસાયિક પ્રવૃત્તિ તરીકેની માન્યતા પ્રદાન કરી છે. લોટરી, ગેમ્બ્લિંગ, બેટિંગ કે વેગરિંગ સહિત ગેમ્સ ઓફ ચાન્સ આ સુરક્ષાકવચ મેળવતા નથી અને તેમને અંગત કે વ્યક્તિગત અધિકાર તરીકે ગણવામાં આવતાં નથી. બંધારણની કલમ ૧૪ એવું પણ જણાવે છે કે, અસમાન પ્રવૃત્તિઓને સમાન પ્રવૃત્તિઓ નહીં ગણી શકાય. ઉદ્યોગના નિષ્ણાતોએ મુદ્દો ઉઠાવ્યો છે કે, મૂલ્યાંકનના માપદંડમાં ફેરફાર થવાની સાથે ઉદ્યોગ કેવી રીતે તૂટી શકે છે. તેમની ચિંતાઓ મુજબ, વિચારણા યોગ્ય સંપૂર્ણ મૂલ્ય પર લાગુ કરવેરાથી વિજેતા ખેલાડીની રકમમાં નોંધપાત્ર ઘટાડો થશે અને કાયદેસર પ્લેટફોર્મ્સ પર ખેલાડીને રસ નહીં રહે. પરિણામે તેઓ સરકારી આવકમાં પ્રદાન કરતાં કાયદેસર પ્લેટફોર્મ્સ પર રસ ધરાવતા ઓફશોર અને ગેરકાયદેસર પ્લેટફોર્મને પ્રોત્સાહન આપશે.